જનસંપર્ક અધિકારી,

પોલીસ કમિશનરશ્રીની કચેરી,અમદાવાદ શહેર

પી.આર.ઓ. : ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩

કંટ્રોલરૂમ નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૧૨/૦૭/૨૦૨૫ શનિવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ– **સમાચાર યાદી નં.૯૪૪/૨૦૨૫**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૨૬ કેસ કરી, ૨૩ વ્યક્તિઓને ઝડપી, ૧૧૫ લીટર દેશી દારૂ, ૪૪૨ બોટલ ઈંગ્લીશ દારૂ, અને ૦૧ સ્કુટર કબજે કર્યા હતા. તેમજ જુગારધારા હેઠળ ૦૨ કેસ કરી, ૧૦ વ્યક્તિઓને ઝડપી, રોકડ રૂપિયા ૨૮,૯૯૦/– અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ– **સમાચાર યાદી નં.૯૪૫/૨૦૨૫**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ બી.એન.એસ.એસ.૧૨૬,૧૨૮,૧૨૯,૧૭૦ મુજબ ૭૩ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પાસા હેઠળ ૦૩ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

વિશ્વાસઘાત અને છેતરપીંડીઃ– **સમાચાર યાદી નં.૯૪૬/૨૦૨૫**

સોલા હાઇકોર્ટઃ બ્રિજેશ મહેન્દ્રભાઈ પટેલ (ઉ.વ.૩૬)(રહે.મૃદુલપાર્ક વિભાગ–૪, આર.સી.ટેક્નીકલ રોડ, ચાણક્યપુરી) એ તા.૧૧/૦૭/૨૦૨૫ ના રોજ સોલા હાઇકોર્ટ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે ફેબ્રુઆરી/૨૦૨૫ થી આજદિન સુધીના સમયગાળા દરમ્યાન પોતાના ઘરે આરોપી (૧)નિસર્ગ ત્રિવેદી તથા (૨) દિશા પંચોલી (બંને રહે. સ્વાતી સાઈન, જગતપુર) એ ભેગામળી બ્રિજેશભાઇના પત્નિના યુ.કે.ના વર્ક પરમીટ વિઝા કરી આપવાનું કહી વિશ્વાસમાં લઇ, બ્રિજેશભાઇ પાસેથી ટુકડે–ટુકડે રોકડ રૂપિયા તથા ઓનલાઈન મળી કુલ રૂપિયા ૩૭,૫૦,૦૦૦/– મેળવી લઇ, બ્રિજેશભાઇની પત્નિના વર્ક પરમીટ વીઝા નહી કરી તેમજ રૂપિયા પરત નહી કરી વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી ડી.પી.સોલંકી ચલાવે છે.

વેજલપુરઃ ધ્રુવમભાઇ સ/ઓ મહેશકુમાર ઠાકર (ઉ.વ.૩૯)(રહે,નવકાર એપાર્ટમેન્ટ સેન્ટ્રલ બેન્કની બાજુમાં જીવરાજ પાર્ક) એ તા.૧૧/૦૭/૨૦૨૫ ના રોજ વેજલપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૬/૦૭/૨૦૨૩ થી આજદીન સુધીના સમયગાળા દરમ્યાન “ટરટલ ડવ હોલીડેઝ” નામની કંપની ઘરાવી ટીકીટ બુકીંગના એજન્ટ તરીકે કામ કરતા આરોપી મોહંમદ શાહીદ સ/ઓ પીરમોહંમદ (રહે.બી સ્ટ્રીટ બુનીયાબાદ વોર્ડ નંબર–૩, પોર્ટ બ્લાઇર સાઉથ આંદામાન એંડ નીકોબાર આઇલેન્ડ) તથા આઇશા મો.કુરેશી (રહે. સાતમો માળ, મન્નતમુક્તિ સ્ટાર સીએસએસએલ સેક્ટર–૨૦, પ્લોટ–નંબર–૪૪ નવી મુંબઇ મહારાષ્ટ્ર) નાઓએ ભેગામળી મોબાઇલ નંબર ૯૮૩૩૩૯૬૯૪૭ થી ધ્રુવમભાઇના મોબાઈલ ઉપર વ્હોટસએપ મેસેજ કરી, સસ્તા ભાવે ટીકીટ બુકીંગ કરી આપવાનો ભરોસો અને વિશ્વાસ આપતા, ધ્રુવમભાઇએ પોતાના ગ્રાહકોની ફલાઇટ ટીકીટની બુકીંગ પેટે કુલ રૂપિયા ૧૮,૬૨,૬૬૭/– બુકીંગ પહેલા ટીકીટના નાણાં આરોપીના બેંક ખાતામાં ઓન લાઇન ટ્રાન્સફર કરી આપવા છતા, આજદિન સુધી તેઓની ફ્લાઇટ ટીકીટ બુકીંગ નહી કરી આપી ધ્રુવમભાઇ સાથે વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી જે.એમ.પટેલ ચલાવે છે.

ચોરીઃ– **સમાચાર ચાદી નં.૯૪૭/૨૦૨૫**

નિકોલઃ કૈલાસબહેન નારાયણભાઈ શીયાણીયા (ઉ.વ.૪૮)(રહે,ગામ–અણીન્દ્રા તા–વઢવાણ જી–સુરેન્દ્રનગર) એ તા.૧૧/૦૭/૨૦૨૫ ના રોજ નિકોલ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૭/૦૬/૨૦૨૫ સવારના ૧૦/૩૦ થી બપોરના ૧૨/૦૦ વાગ્યા દરમ્યાન પતિ સાથે કાલુપુર રેલવે સ્ટેશનથી રીક્ષામા બેસી પોતાના પુત્રના ઘરે નિકોલ ખાતે આવવા સારૂ નીકળેલ હતા. ઓટોરીક્ષાની મુસાફરી દરમ્યાન રીક્ષા ચાલક તથા રીક્ષામાં બેસેલ ત્રણ અજાણ્યા પુરૂષએ ભેગામળી કૈલાસબહેનની નજર ચુકવી થેલામાંથી સોનાનું મંગળસુત્ર કિમત રૂપિયા ૯૦,૦૦૦/– ચોરી કરી લઇ, અમરાઈવાડી એપરેલપાર્ક મેટ્રો સ્ટેશન ખાતે પહોચતા રીક્ષા ચાલકે જણાવેલ કે "રીક્ષાનો વાયર તુટી ગયેલ છે તમે અહી ઉતરી જાવ" તેમ કહી બંનેને રીક્ષામાંથી નીચે ઉતારી નાસી ગયા હતા. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી આર.એમ.કુશવાહા ચલાવે છે.

આત્મહત્યાઃ– **સમાચાર ચાદી નં.૯૪૮/૨૦૨૫**

સોલા હાઇકોર્ટઃ ઝેઘીહમ સ/ઓ મેલતીંગરાય રિયાંગ (ઉ.વ.૨૮)(મુળ વતનઃ– ગામ તુઇપુઇ બારી વેસ્ટ ફાઇલેંગ મામીત મિઝોરમ) એ અગમ્ય કારણસર તા.૧૧/૦૭/૨૦૨૫ સવારના ૫/૦૦ વાગ્યાના સુમારે ઘાટલોડીયા ચાણકયપુરી સેક્ટર–૦૧, ચાણક્ય ફ્લેટ ખાતે આવેલ પોતાના સંબંધીના રહેણાંકના સ્ટોરરૂમમાં પંખા સાથે દોરી બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે સોલા હાઇકોર્ટ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી અમિતકુમાર કિશોરભાઇ ચલાવે છે.

વાસણાઃ કમલેશભાઇ સ/ઓ ધર્મેન્દ્રભાઇ ચુનારા (ઉ.વ.૨૩)(રહે.અમી એપાર્ટમેન્ટ, કંકાવટી ફ્લેટ પાસે, વાસણા) એ અગમ્ય કારણસર તા.૧૧/૦૭/૨૦૨૫ બપોરના ૨/૦૦ વાગ્યા પહેલા પોતાના ઘરે પંખા સાથે સાડીની લેશ બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે વાસણા પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી રમેશભાઇ ગોરાભાઇ ચલાવે છે.

ખોખરાઃ પ્રવિણભાઈ હનમનભાઈ સેગડે (ઉ.વ.૪૫)(રહે.ગૌસ્વામી આવાજ યોજના, લાલભાઇ સેન્ટર પાસે ખોખરા) એ અગમ્ય કારણસર તા.૧૧/૦૭/૨૦૨૫ સાંજના ૬/૦૦ વગ્યા પહેલા પોતાના ઘરે પંખા સાથે દોરી બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે ખોખરા પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી આર.આર.ચૌધરી ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
પી.આર.ઓ. યુનિટ
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી